# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ભલો સમરૂની




લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : Ruth Klassen; Sarah S.



60 વાતો 46

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



*પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.*


ગુજરાતી

Gujarati








“ઈશ્વર પર તથા તારા
પડોશી પર પ્રેમ કર”
તે માણસે કહ્યું, “પણ
મારો પડોશી કોણ છે?”
તેણે પૂછ્યું.
3


આ માણસને જવાબ આપવા માટે ઈસુએ એક વાર્તા કહી કે જેમાં એક
માણસ યરૂશાલેમથી યરીખો જઈ રહ્યો હતો.
તે માણસ ઉપર ચોરોએ
હુમલો કર્યો.
4


આ ચોરો માણસ પાસેથી જે કાંઈ મળે તે સર્વસ્વ લૂંટી ગયા,
દુર્ભાગ્યે તેના કપડાં પણ કાઢી લઈ ગયા. તેઓએ તેને પુષ્કળ
માર માર્યો અને તેને રસ્તાની બાજુ પર અધમૂઓ
મૂકીને ચાલ્યા ગયા.
5


ઈશ્વરયોગે એ રસ્તા પર એક યાજક આવી
પહોંચ્યો. તે એ માણસને ખરેખર
મદદ કરી શકે તેમ હતો.
6


ના! તેણે એ માણસને લોહીલૂહાણ જોયો
ત્યારે તે રસ્તાની બીજી કોરેથી
નીકળી ગયો.
7


થોડા સમય પછી અવાજ કરતાં બીજા પગલાં સંભળાયા. જેમ
કે કોઈ આવી રહ્યું હોય. તે હતો લેવી- જે મંદિરમાં
યાજકોને મદદ કરતો હતાં.
8


તેણે એ ઘવાયેલા માણસને જોયો, પણ તે તેને મદદ
કર્યા વગર પોતાને રસ્તે પડી ગયો.
9


આખરે ત્યાં એક સમરૂની આવી પહોંચ્યો. યહૂદી લોકો
આ સમરૂની લોકોને ધિક્કારતા હતા.
10


જે લોકો તેને સાંભળી રહ્યા હતા તેઓ એની આશા ન
રાખતા હતા કે આ સમરૂની આ વાર્તામાં મુખ્ય નાયક
(હીરો) બની શકે.
11


પણ તે હીરો હતો. આ સમરૂનીએ તે ઘવાયેલાને
ધ્યાન દઈને તે ત્યાં મદદ કરવા રોકાયો.
12


આ સમરૂની ઘૂંટણે પડ્યો
કોમળતાથી તેણે તેને દવા લગાવી
અને ઘવાયેલા અજાણ્યા વ્યક્તિને
મલમપટ્ટી કરી. ત્યારબાદ તેણે તે
ઘવાયેલા વ્યક્તિને પોતાના ગધેડા
પર મૂકી લઈ ગયો.
13


ત્યાં રસ્તા પર આવેલી ધર્મશાળામાં, આ
સમરૂનીએ તેની આખી રાત સંભાળ લીધી.
14













ભલો સમરૂની

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લુક ૧૦

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.